રજૂ તારીખ : ૨૯/૦૫/૨૦૨૬
દાખલ તારીખ : ૨૯/૦૫/૨૦૨૬
નિકાલ તારીખ : ૦૯/૦૬/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ

આંક :

**ભાવનગર જિલ્લાના સત્ર ન્યાયાધીશની કોર્ટમાં, મુકામ : ભાવનગર.**

**પરચુરણ ફોજદારી અરજી નં.૯૪૬/૨૦૨૬**

**અરજદાર:-**

**શ્રી સરકાર.**

**વિરૂધ્ધ**

**સામાવાળા (મુળ આરોપી) :-**

**નિલેશભાઈ વિનોદભાઈ વાઘેલા,**
ઉ.વ.૩૬,
રહે.શ્રીજી ફ્લેટ, રૂમ નં.૦૧,
માધવાનંદ આશ્રમવાળો ખાંચો,
મુની ડેરી,
ભાવનગર.

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩(૩) અન્વયે જામીન રદ કરવા અરજી.**

**અરજદાર તરફે : વિધ્વાન પી.પી.શ્રી એમ.આર.જોષી**
**સામાવાળા તરફે : વિધ્વાન વકીલ શ્રી કે.બી.શુકલ**

**-:: ચૂકા દો ::-**

૧. હાલની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, સામાવાળા/મુળ આરોપી સામે ઘોઘા રોડ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૮૦૦૬૨૧૧૫૩૬/૨૦૨૧ થી ઈ.પી.કો. કલમ

૩૦૬, ૪૯૮(ક), ૨૦૧, ૧૧૪ મુજબનો ગુનો રજીસ્ટર થતાં તેમને ઉપરોકત ગુનામાં તા.૨૨/૬/૨૦૨૧ ના રોજ અટક કરી તા.૨૩/૬/૨૦૨૧ નાં રોજ નામદાર કોર્ટ સમક્ષ પ્રોડકશન રીપોર્ટથી રજૂ કરતાં તેઓને જેલ વોરંટ ભરી ભાવનગર જિલ્લા જેલમાં મોકલી આપતા તેમણે જિલ્લા જેલ, ભાવનગરમાંથી ભાવનગરના ત્રીજા એડી.સેશન્સ જજ સાહેબ સમક્ષ પર.ફોજ.અરજી નં.૧૦૭૮/૨૦૨૧ થી જામીન મુકત થવા અરજી કરતા તેમને શરતોને આધીન જામીન ઉપર મુકત કરવામાં આવેલ અને તે શરતો પૈકીની શરત નં.ર(એ) મુજબ તેમણે કોર્ટની પરવાનગી વગર ગુજરાત બહાર જવું નહિ. પરંતુ જામીન મુકત થયા બાદ અરજદાર/આરોપીએ સદર શરતનો ભંગ કરી તેઓ ગુજરાત રાજયની હદ છોડી મધ્યપ્રદેશનાં ઉજજૈન ખાતે ગયેલ હોય અને તેમના મોબાઇલનું લોકેશન પણ તા.૫/૧૨/૨૦૨૫ થી તા.૮/૧૨/૨૦૨૫ દરમ્યાન ઉજજૈન બતાવતુ હોય સામાવાળા/મુળ આરોપીએ જામીનની શરત નં.ર(એ) નો ભંગ કરી નામદાર કોર્ટના હુકમનો અનાદર કરેલ હોય જેથી સામાવાળ/મુળ આરોપીના જામીન રદ કરવા જોઇએ.

૨. અરજદારની હાલની અરજી સામે સામાવાળા/મુળ આરોપી તરફે એવી રજૂઆત કરેલ છે કે, તેઓ જામીન મુકતીની તમામ શરતોનું ચોકકસપણે પાલન કરતાં આવેલ છે. તેઓ ઉજજૈન માત્ર દર્શન કરવા ગયેલ હતાં, તેઓએ જામીન મુકતીની શરત નં.ર(એ) નો ઈરાદાપૂર્વક કોઇ ભંગ કરેલ નથી. જેથી અરજદાર તરફેની હાલની જામીન રદ કરવાની અરજી નામંજૂર કરવા નમ્ર અરજ છે.

૩. બંને પક્ષના વિધ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા.

૪. અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમાં સામાવાળા/મુળ આરોપીના મોબાઇલની તા.૧/૧૨/૨૦૨૫ થી તા.૧૦/૧૨/૨૦૨૫ દરમ્યાનની રજૂ થયેલ કોલ ડીટેઇલ ધ્યાને લેતા તેમના મોબાઇલનું લોકેશન ઉજજૈન જણાઇ આવે છે. પરંતુ અરજદારના કથન મુજબ તેઓ માત્ર દર્શન કરવા માટે ઉજજૈન ગયા

હતાં, જામીન મુકિતની શરતનો ભંગ કરવાનો તેમનો કોઇ ઇરાદો ન હતો. વધુમાં રેકર્ડ ધ્યાને લેતા તા.૧૦/૧૨/૨૦૨૫ બાદ આજદિન સુધી હાલના સામાવાળાએ નામદાર કોર્ટના જામીન મુકતીના હુકમની અન્ય કોઇ શરતોનો ભંગ કરેલ હોય તેવુ જણાઇ આવતું નથી. સામાવાળાના કથન મુજબ તેઓ માત્ર દર્શન કરવા માટે ઉજજૈન ગયા હતા અને હવે પછી તેઓ જામીન મુકતીની શરતનો ભંગ કરશે નહિ તેવી ખાતરી આપતા હોય અરજદારની હાલની અરજી નામંજૂર કરવી ન્યાયોચિત જણાઇ આવતી હોય ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

૧. અરજદારની હાલની અરજી **નામંજૂર** કરવામાં આવે છે.

૨. આ કામના સામાવાળા/મુળ આરોપી **નિલેશભાઇ વિનોદભાઇ વાઘેલાને** પર.ફોજ.અરજી નં.૧૦૭૮/૨૦૨૧ ના કામે ફરમાવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનો આદેશ આપવામાં આવે છે.

::: ચૂકાદો આજ તા.૦૯, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર.
તા.૦૯/૦૬/૨૦૨૬

**(એચ.એસ.મુલીયા)**
સત્ર ન્યાયાધીશ,
ભાવનગર.
કોડ નં.જીજે૦૦૯૧૫

-yatin